Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: કાર્યવાહી :–

એકેડેમિક કાઉન્સિલની સભા શનિવાર, તા.૦૩/૦૯/૨૦૨૨ નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૧૪૯ માં મળી હતી. જેમાં ઓફલાઈન/ઓનલાઈન ઉપસ્થિત સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરસિંહ એન. ચાવડા **(માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ | હાજર |
| (૩) | ડૉ. કપિલા મનોજ | ઓનલાઈન હાજર |
| (૪) | ડૉ. પત્રલેખા એ. બારડ | હાજર |
| (૫) | ડૉ. સ્નેહલકુમાર એચ. મિસ્ત્રી | હાજર |
| (૬) | ડૉ. ચિન્ટુભાઈ એચ. ચૌધરી | ગેરહાજર |
| (૭) | ડૉ. દિનેશકુમાર પી. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૮) | ડૉ. અશોકભાઈ એમ. દેસાઈ | ઓનલાઈન હાજર |
| (૯) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૧૦) | ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી | ઓનલાઈન હાજર |
| (૧૧) | ડૉ. રાજેશ મહેતા | હાજર |
| (૧૨) | ડૉ. જશવંતકુમાર ટી. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૧૩) | ડૉ. આનંદકુમાર વાય. ભટ્ટ | ગેરહાજર |
| (૧૪) | ડૉ. વિમલ એ. પંડયા | હાજર |
| (૧૫) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૧૬) | ડૉ. મહેન્દ્ર ચૌહાણ | ગેરહાજર |
| (૧૭) | ડૉ. દિપકભાઈ ભોયે | હાજર |
| (૧૮) | ડૉ. ગિરીશકુમાર એન. રાણા | ગેરહાજર |
| (૧૯) | ડૉ. કશ્યપ પી. ખરચિયા | ગેરહાજર |
| (૨૦) | ડૉ. રૂસ્તમ ડી. મોરેના | ગેરહાજર |
| (૨૧) | ડૉ. ટી. જી. ગોહિલ | ઓનલાઈન હાજર |
| (૨૨) | ડૉ. પારૂલબેન વડગામા | ગેરહાજર |
| (૨૩) | ડૉ. નિમેષભાઈ માલી | ઓનલાઈન હાજર |

૧. **એકેડેમિક કાઉન્સિલ તા.૨૨/૦૮/૨૦૨૨ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.**

**(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૨૨/૦૮/૨૦૨૨ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવે છે.**

૨. ડૉ.આદિત્ય કોન્ટ્રાકટરની પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા અંગેની તા.૧૮–૦૮–૨૦૨૨ની અરજી પર તા.૨૨–૦૮–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૯ થી આગામી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય. જે પર વિચારણા કરવા બાબત.

**નોંધઃ–**

(૧) એકેડેમિક કાઉન્સિલ ની તા.૨૧–૦૯–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૨૦ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, અરજદારે આર્કિટેકચર એન્ડ ડિઝાઈન ફેકલ્ટીમાં આવતા વિષય "આર્કિટેકચર" ની એપેક્ષબોડી (કાઉન્સિલ ઓફ આર્કિટેકચ)અથવા "અર્બન પ્લાનીગ" ની ડીગ્રીને માન્યતા આપતી સંસ્થા(I.T.P.I. ) ની મેમ્બરશીપ મેળવી જરૂરી પુરાવા સાથે ફરીથી અરજી કરવા જણાવવુ.

(૨) એકેડેમિક કાઉન્સિલ ની તા.૨૧–૦૯–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ ૨૦ ના અનુસંધાને ડૉ.આદિત્ય કોન્ટ્રાકટરને પુર્તતા કરી ફરીથી અરજી કરવા જણાવવામાં આવ્યું હતું જેને અનુસંધાને તેઓએ તા.૧૮–૦૮–૨૦૨૨ના પત્રથી વિનંતી કરેલ છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૮–૨૦૨૨ ના ઠરાવ ક્રમાંકઃ ૦૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,સદર બાબત આગામી એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવી.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.આદિત્ય કોન્ટ્રાકટરની પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા અંગેની તા.૧૮–૦૮–૨૦૨૨ની અરજી સંદર્ભે મળેલ પત્ર મુજબ અરજી માન્ય રાખી શકાય નહી.**

૩. **આર્ટસ** ફેકલ્ટીનાં **ઈકોનોમિકસ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સુટેકસ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી**ના આસિ. પ્રોફેસર **ડૉ. પટેલ છાયા ખુશાલભાઈ** ને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.ગણેશકુમાર ડી. ત્રીપાઠી, આચાર્યશ્રી, સી.એન.આર્ટસ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ,મહેસાણા નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ.રાજેશ મોદી, આચાર્યશ્રી, શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપકોવાલા કોલેજ ઓફ કોમર્સ,આણંદ નો અહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

**(અનુસ્નાતક વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટસ ફેકલ્ટીનાં ઈકોનોમિકસ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સુટેકસ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીના આસિ. પ્રોફેસર ડૉ. પટેલ છાયા ખુશાલભાઈ ને બાહ્ય નિર્ણાયકોના હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૪. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુર**ના આસિ. પ્રોફેસર **ડૉ.પટેલ વિવેકકુમાર સુરેશભાઈ** ને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.એમ.એન. પટેલ,પ્રોફેસર ઓફ કેમેસ્ટ્રી,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર નો અહેવાલ હકારાત્મક છે.
(૨)ડૉ.એન. જે પરમાર,પ્રોફેસર,ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર નો અહેવાલ હકારાત્મક છે.
(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ, ધરમપુરના આસિ. પ્રોફેસર ડૉ.પટેલ વિવેકકુમાર સુરેશભાઈને બાહ્ય નિર્ણાયકોના હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૫. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,બિલિમોરા**ના આસિ. પ્રોફેસર **ડૉ.જોષી મેધાબેન ભરતકુમાર** ને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)ડૉ.વૈશાલી શિન્દે, પ્રોફેસર,ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી ,સાવિત્રીબાઈ ફુલે પુને યુનિવર્સિટી, પુના નો અહેવાલ હકારાત્મક છે.
(૨)ડૉ. એસ.એસ.ઉમરે,ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી , વી.એન.આઈ.ટી.,નાગપુર નો અહેવાલ હકારાત્મક છે.
(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બિલિમોરાના આસિ.પ્રોફેસર ડૉ.જોષી મેધાબેન ભરતકુમારને બાહ્ય નિર્ણાયકોના હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૬. શૈક્ષણિક વર્ષ જૂન– ૨૦૨૨ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Skill Based Elective Course નું Structure તથા નવા અભ્યાસક્રમ બાબતે ચર્ચા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા.૦૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તા.૦૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તારીખ– ૨૧/૧૨/૨૦૨૧ ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Skill Based Elective Courseનું Structure તથા નવા અભ્યાસક્રમ બનાવવા જે પેટાસમિતિની રચના કરવામાં આવી હતી તેને અનુસંધાનમાં તારીખ–૨૯/૦૭/૨૦૨૨ ના રોજ પેટાસમિતિએ તૈયાર કરેલ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩થી અમલમાં આવનાર M.Sc.Mathematics સેમેસ્ટર–૧ અને ૨ નો Skill Based Elective Course નું Structure તથા નવો Proposed અભ્યાસક્રમ,અભ્યાસક્રમ સમિતિના ચેરમેનશ્રીને સુપ્રત કરવામાં આવ્યો હતો, તેમાં જરૂરી સુધારા–વધારા તેમજ ચર્ચા વિચારણા સાથે તૈયાર કરેલ સંપૂર્ણ આયોજિત અભ્યાસક્રમ,અભ્યાસક્રમ સમિતિના તમામ સભ્યોના સર્વાનુમતે મંજૂર કરી તે અભ્યાસક્રમ જૂન ૨૦૨૨થી અમલમાં મૂકવા તથા મંજૂર કરવા વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ જૂન– ૨૦૨૨ થી અમલમાં આવનાર M.Sc. Mathematics Skill Based Elective Courseનું Structure તથા નવા અભ્યાસક્રમ બાબતે ચર્ચા કરતા ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિની તા.૦૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૭. F.Y.,S.Y.,T.Y.B.A./B.Com. (Core Course /Core Elective Course/Core Compulsory Course) & M.A. Part-1 & 2 નો અંગ્રેજી વિષયનાં એક્ષટર્નલ અભ્યાસક્રમ અંગ્રેજી વિષયની અભ્યાસસમિતિનાં ચેરમેનશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, F.Y.,S.Y.,T.Y.B.A./B.Com. (Core Course /Core Elective Course/Core Compulsory Course) & M.A. Part-1 & 2 નો અંગ્રેજી વિષયનાં એક્ષટર્નલ અભ્યાસક્રમ અંગ્રેજી વિષયની અભ્યાસ સમિતિનાં ચેરમેનશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજુર કરવામાં આવે છે.**

૮. NEP -2020 અન્વયે મનોવિજ્ઞાન વિષયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ક્રેડિટ અંગે મનોવિજ્ઞાન વિષયની અભ્યાસ સમિતિની તા.૨૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>મનોવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિની તા.૨૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,UGC દ્વારા સૂચવેલ નવી ક્રેડિટ યોજના મુજબ પ્રથમ, બીજા અને ત્રીજા વર્ષના મુખ્ય પેપરમાં ૧ ક્રેડિટ વધારવાનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવે છે.તદઅનુસાર નીચે મુજબના પેપરમાં ક્રેડિટ વધારવાનું નક્કી કરવામાં આવે છે.જેનો અમલ શૈક્ષણિક ૨૦૨૨–૨૩ થી કરવો.

F.Y. B. A. Sem - 1 Psychology Paper - 2
F.Y. B. A. Sem - 2 Psychology Paper - 4
S.Y. B. A. Sem - 3 Psychology Paper - 7
S.Y. B. A. Sem - 4 Psychology Paper - 10
T.Y. B. A. Sem - 5 Psychology Paper - 16
T.Y. B. A. Sem - 6 Psychology Paper - 22

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 અન્વયે મનોવિજ્ઞાન વિષયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ક્રેડિટ અંગે મનોવિજ્ઞાન વિષયની અભ્યાસ સમિતિની તા.૨૨/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧ અન્વયે ઉપરોકત મુજબ ભલામણ કરેલ છે જે વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આર્ટસ ફેકલ્ટીના મંજૂર થયેલા સ્ટ્રકચર મુજબ આર્ટસ ફેકલટી અંતર્ગત દરેક વિષયમાં ઉપર મુજબ પેપર દીઠ ક્રેડીટ મંજુર રાખવા આવે છે.**

૯. NEP -2020 અન્વયે ઈતિહાસ વિષયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ક્રેડિટ અંગે ઈતિહાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે જે વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>ઈતિહાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કઈતિહાસ વિષયમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ થી અમલમાં આવનાર NEP - 2020 અન્વયે સ્નાતક કક્ષામાં ક્રેડિટ અંગે નીચે મુજબના પેપરમાં ક્રેડિટ વધારવાનું સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે.

F.Y. B. A. Sem - 1 History Paper - 2 માં ૦૪ ક્રેડિટ ગણવી
F.Y. B. A. Sem - 2 History Paper - 4 માં ૦૪ ક્રેડિટ ગણવી
S.Y. B. A. Sem - 3 History Paper - 7 માં ૦૪ ક્રેડિટ ગણવી
S.Y. B. A. Sem - 4 History Paper - 10 માં ૦૪ ક્રેડિટ ગણવી
T.Y. B. A. Sem - 5 History Paper - 16 માં ૦૪ ક્રેડિટ ગણવી
T.Y. B. A. Sem - 6 History Paper - 22 માં ૦૪ ક્રેડિટ ગણવી

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, NEP -2020 અન્વયે ઈતિહાસ વિષયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ક્રેડિટ અંગે ઈતિહાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૬ અન્વયે ઉપરોકત ભલામણ કરેલ છે જે વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

૧૦. ઓર્ડિનન્સ ૪૧(૫) માં એનરોલમેન્ટ ની એપ્લિકેશન સાથે original Passing Certificate જમા કરાવવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. "All students whose applications for enrolment are submitted to the University shall submit the original Passing Certificate from the examining body together with a typed copy thereof before the end of Academic Year during which they are admitted to any College affiliated to the University. "

પ્રવર્તમાન પ્રથા અનુસાર પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી કોલેજો ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ જમા લે છે અને એનરોલમેન્ટ ફોર્મ સાથે ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ યુનિવર્સિટી ખાતે જમા કરાવે છે તથા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ થયેથી માર્કશીટ પાછળ સિક્કો લગાવી માર્કશીટો જે તે કોલેજ ને પરત કરવામાં આવે છે તથા કોલેજો સિક્કો લાગેલી ધોરણ ૧૨ ની માર્કશીટો વિદ્યાર્થીઓને પરત કરે છે.

ઉપરોક્ત જોગવાઈ તથા પ્રથા અન્વયે નીચેની વિગતો અવલોકને લેવા વિનંતી છે:

૧. યુ.જી.સી.દ્વારા જાહેર કરવામાં આવેલ સ્ટુડન્ટ્સ એનટાઇટલમેન્ટ્સ માં એમ દર્શાવેલ છે કે " the institution can ask the student to produce the original documents (such as School Leaving Certificate, Mark sheet, Caste certificate) for verification, they cannot retain any original documents of any students."

૨. યુ.જી.સી.દ્વારા નોટીફાય કરવામાં આવેલ 23rd April 2007, F. No. 1-3/2007 (CPP II) આનુસાર " it would not be permissible for institutions and Universities to retain the School/Institution Leaving Certificate, Mark sheet, caste certificate, and other documents in original"

૩. યુ.જી.સી.દ્વારા નોટીફાય કરવામાં આવેલ ઓક્ટોબર ૨૦૧૮, notification on Refund of Fees and Non -Retention of Original Documents અનુસાર પણ અસલ દસ્તાવેજો લેવાના થતા નથી.

૪. Guidelines for Pursuing Two Academic Programmes Simultaneously, issued by University Grants Commission Bahadur Shah Zafar Marg New Delhi April 2022, circulated vide D.O.No.1-6/2007 (CPP-II)(New) Dated 13/4/2022 જે Academic Council Resolution No. 15. Dated. 04/05/2022 તેમજ Syndicate Resolution No. 4. Dated. 09/06/2022 થી સ્વીકારી તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવેલ છે. જો વિદ્યાર્થી એકી સાથે બે પ્રોગ્રામમાં અને જુદી જુદી યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવે તો અસલ માર્કશીટ બે જગ્યાએ તો ન જ જમા કરાવી શકે માટે પણ અસલ માર્કશીટ જમા કરાવવા અંગે વિચારવાનું થાય.

૫. Digi Locker 'Issued Documents' are at par with original documents as per IT ACT, 2000

૬. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી ગુજરાત બોર્ડ સિવાયના અન્ય તમામ બોર્ડના વિદ્યાર્થીઓ જે માર્કશીટો રજુ કરે તે વિદ્યાર્થીને સામેલ કર્યા સિવાય બારોબાર જેતે બોર્ડને મોકલાવીને તેની ખરાઈ કરાવવમાં આવે છે.

અગાઉ આ અંગે વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલ માં બાબત રજુ કરવામાં આવી હતી ત્યારે એકેડેમિક કાઉન્સિલ તારીખ ૦૯/૦૩/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક ૩ થી પ્રવર્તમાન વ્યવસ્થા ચાલુ રાખવા ઠરાવવામાં આવ્યું હતું.

ઉપરોક્ત વિગતો અવલોકને લઇ સ્નાતક કક્ષાના પ્રવેશ સમયે કોલેજ ખાતે ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ જમા લેવા તેમજ સ્નાતક કક્ષાના એનરોલમેન્ટ કરતા સમયે યુનિવર્સીટી ખાતે ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ મંગાવવાની પ્રવર્તમાન પ્રથા પર વિચારણા કરવા બાબત.
(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક કક્ષાના પ્રવેશ સમયે કોલેજ ખાતે ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ જમા લેવા તેમજ સ્નાતક કક્ષાના એનરોલમેન્ટ કરતા સમયે યુનિવર્સિટી ખાતે ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ મંગાવવાની પ્રવર્તમાન પ્રથામાં નીચે મુજબ ફેરફાર સાથે અમલીકરણ કરવાનું રહેશે.**

**:: પ્રથમ વર્ષ (સ્નાતક કક્ષાએ) માટે યુનિવર્સિટી ધ્વારા વિદ્યાર્થીની એનરોલમેન્ટ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી વિદ્યાર્થીએ ફકત અસલ માર્કશીટ કોલેજ ખાતે જમા કરાવવાની રહેશે અને જે તે કોલેજે અસલ માર્કશીટ યુનિવર્સિટી ખાતે મોકલવાની રહેશે નહી. તથા યુનિવર્સિટી ધ્વારા એનરોલમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થયેથી એક સપ્તાહનાં સમયગાળામાં વિદ્યાર્થીની અસલ માર્કશીટ કોલેજ ધ્વારા વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.**

**વધુમાં યુનિવર્સિટી ધ્વારા એનરોલમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલા વિદ્યાર્થીને જમા કરાવેલ અસલ માર્કશીટની જરૂર પડે તો કોલેજ ધ્વારા વિદ્યાર્થી પાસેથી લેખિત અરજી મેળવી અસલ માર્કશીટ આપવાની રહેશે.જો વિદ્યાર્થી ધ્વારા વધુમાં વધુ પાંચ દિવસમાં મેળવેલ અસલ માર્કશીટ પરત કરવામાં ન આવે તો વિદ્યાર્થી એનરોલમેન્ટ પ્રક્રિયા માંથી બાકાત થઈ શકે છે.**

**વધુમાં એનરોલમેન્ટની પ્રક્રિયા માટે યુનિવર્સિટીને જરૂર જણાય તો યુનિવર્સિટી ધ્વારા અસલ માર્કશીટ કોલેજ પાસેથી મંગાવી ચકાસણી કરી પરત કરવાની રહેશે. ઉપરોકત વ્યવસ્થા એવા તમામ અભ્યાસક્રમો માટે લાગુ પડશે જયાં એપેક્ષ બોડીના અન્ય કોઈ આ બાબતનાં નિયમો લાગુ ન હોય.**

૧૧. એમ.બી.ગોહિલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર, નવસારીમાં નીચે દર્શાવેલ એડવાન્સ ડિપ્લોમાં કોર્ષ શરૂ કરવા માટે SOP મુજબ કરેલ અરજી પર વિચારણા કરવા બાબત.

| Course Name | Credit | Duration | |
|---|---|---|---|
| | | Hours | Week |
| Advanced Diploma Certificate in Medical Lab Technology | 60 | 900 | 52 |
| Advanced Diploma Certificate in O.T Technician | 60 | 900 | 52 |
| Advanced Diploma Certificate in X Ray Technician | 60 | 900 | 52 |

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.બી.ગોહિલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર, નવસારીમાં ઉપરોકત એડવાન્સ ડિપ્લોમાં સર્ટીફીકેટ કોર્ષ શરૂ કરવા સંદર્ભે તબીબી વિદ્યાશાખાનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવી તદ્અનુસાર કાર્યવાહી કરવી.**

૧૨. એકેડેમિક વર્ષ ૨૦૨૨–૨૩ થી સાયન્સ ફેકલ્ટી અંતર્ગત આવતા એમ.એસસી.ના અભ્યાસક્રમો તેમજ પીજીડીએમએલટીના અભ્યાસક્રમમાં બે ક્રેડીટના સ્કીલબેઝડ કોર્સ સમાવેશ કરવામાં આવેલ છે જે અંતર્ગત અભ્યાસક્રમમાં કોર્સની સીલેબસ આપવામાં આવેલ છે તે ઉપરાંત યુજીસીના સ્વયંમ પોર્ટલ પર ઉપલબ્ધ MOOC કોર્સ તેની અવેજીમાં લઈ શકાય તેવી જોગવાઈ કરેલ છે, સ્વયંમ પોર્ટલ પર ઉપલબ્ધ MOOC કોર્સમાં રજીસ્ટર કરાવવા અને તેના અભ્યાસ સામગ્રીના ઉપયોગ માટે કોઈપણ ફી નથી પરંતુ વિદ્યાર્થી જોગ આ કોર્સનું સર્ટીફીકેટ પરીક્ષા આપી સ્વયંમ માંથી મેળવવા માગે તો તે માટે તેને ફી ભરવી પડે અને નિયત કરેલા પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવાની રહે. તેમજ આ કોર્સની લેવાતી પરીક્ષાઓની તારીખ પણ આપણા એકેડેમિક કેલેન્ડરની પરીક્ષા અને પરીણામની તારીખ સાથે જળવાઈ તેમ નથી. આથી જે વિદ્યાર્થીઓ યુજીસીના સ્વયંમ પોર્ટલ પર ઉપલબ્ધ MOOC કોર્સ પસંદ કરે તે કોર્સની પરીક્ષા આપણી યુનિવર્સિટી દ્વારા અન્ય પરીક્ષાની સાથે લેવાય તેવી વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. આ માટે વહિવટી સરળતા ખાતર વિદ્યાર્થીઓએ પસંદ કરેલ યુજીસીના સ્વયંમ પોર્ટલ પર ઉપલબ્ધ MOOC કોર્સ પ્રમાણે કોઈ અધ્યાપકને મેન્ટર બનાવવામાં આવે અને તેના દ્વારા આ કોર્સની ઈન્ટરનલ અને એક્ષર્ટનલ પરીક્ષાની કામગીરી કરાવવામાં આવે તે ઈચ્છનીય છે. તો આ અંગે ઘટતી કાર્યવાહી કરવા અંગે સાયન્સ ફેકલ્ટીનાં ડીનશ્રીએ તા.૨૨/૦૮/૨૦૨૨ અંતર્ગત કરેલ ભલામણ અંગે વિચારણા કરવા કરવા બાબત.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવી.**

૧૩. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી અમલમાં આવનાર History વિષયનાં Ph.D. Course workનાં અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા ઈતિહાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>ઈતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D. ઈતિહાસ વિષયના કોર્સવર્કનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં પેપર– ૧, ૨ ,૩ દરેક પેપરમાં કુલ ગુણ ૧૦૦ રહેશે. દરેક પેપરમાં કુલ ચાર એકમમાં ગુણભાર ૨૫ રાખવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ સર્વાનુમતે મંજૂર કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨– ૨૦૨૩થી અમલમાં આવે તે રીતે મંજૂર કરી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી અમલમાં આવનાર History વિષયનાં Ph.D. Course workનાં અભ્યાસક્રમ અંગે ચર્ચા કરતા ઈતિહાસ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૩/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે ઉપરોકત મુજબ કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજુર કરવામાં આવે છે.**

૧૪. કોમર્સ ઈન્કલુડીંગ બી.એ.વિષયની બોર્ડ અંતર્ગત આવતા B.Com. સેમેસ્ટર ૫ અને ૬ તેમજ M.Com. સેમેસ્ટર –૩ અને ૪ ના ઓનર્સ સહિતના વિષયની યુનિવર્સિટી પરીક્ષા પધ્ધતિની વિચારણા કરતા કોમર્સ ઈન્કલુડીંગ બી.એ. વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**કોમર્સ ઈન્કલુડીંગ બી.એ<u> વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ અંતર્ગત આવતા B.Com.સેમેસ્ટર ૫ અને ૬ તેમજ M.Com. સેમેસ્ટર ૩ અને ૪ ના ઓનર્સ સહિતના વિષયો શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે ઓનલાઈન MCQ પધ્ધતિથી પરીક્ષા લેવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને તે મંજૂર કરવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ઈન્કલુડીંગ બી.એ.વિષયની બોર્ડ અંતર્ગત આવતા B.Com. સેમેસ્ટર–૫ અને ૬ તેમજ M.Com.સેમેસ્ટર –૩ અને ૪ ના ઓનર્સ સહિતના વિષયની યુનિવર્સિટી પરીક્ષા પધ્ધતિની વિચારણા કરતા કોમર્સ ઈન્કલુડીંગ બી.એ. વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે કરેલ ઉપરોકત ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં સિન્ડિકેટની તા.૩૦/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૯ નો સ્વીકાર કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન વાણિજય અને વિનયન વિદ્યાશાખાની સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ યોજાનારી તમામ સેમેસ્ટરની તમામ પરીક્ષાઓ એમ.સી.કયુ. મોડથી ઓફલાઈન OMR પધ્ધતિથી લેવી. પ્રત્યેક પ્રશ્નપત્ર માટે પરીક્ષાની અવધિ ૧ કલાક (૬૦ મિનિટ) ની રહેશે, તથા ૫૦ પ્રશ્નો પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણનો એવા કુલ ૫૦ ગુણની પરીક્ષા લેવી.**

૧૫. કોમર્સ ઈન્કલુડીંગ બી. એ. વિષયની બોર્ડ અંતર્ગત આવતા B.Com. સેમેસ્ટર ૫ અને ૬ તેમજ M.Com. સેમેસ્ટર ૩ અને ૪ તથા ઓનર્સની આંતરિક પરીક્ષા બાબતે વિચારણા કરતા કોમર્સ ઈન્કલુડીંગ બી.એ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે કરેલ ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**કોમર્સ ઈન્કલુડીંગ બી.એ <u>વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, B.Com. સેમેસ્ટર ૫ અને ૬ તેમજ M.Com. સેમેસ્ટર ૩ અને ૪ તથા ઓનર્સની યુનિવર્સિટી પરીક્ષા MCQ પધ્ધતિથી લેવાનું સ્વીકારેલ હોય, આંતરિક કસોટી જે તે કોલેજ મેનેજમેન્ટ પોતાની રીતે ઓનલાઈન / ઓફલાઈન પધ્ધતિથી લઈ શકે અને તે મંજૂર કરવા વાણિજય વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ઈન્કલુડીંગ બી. એ. વિષયની બોર્ડ અંતર્ગત આવતા B.Com. સેમેસ્ટર ૫ અને ૬ તેમજ M.Com. સેમેસ્ટર ૩ અને ૪ તથા ઓનર્સની આંતરિક પરીક્ષા બાબતે વિચારણા કરતા કોમર્સ ઈન્કલુડીંગ બી.એ વિષયની અભ્યાસ સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે કરેલ ઉપરોકત ભલામણ વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વાણિજય વિદ્યાશાખા વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે,શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન વાણિજય અને વિનયન વિદ્યાશાખાની સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ યોજાનારી તમામ સેમેસ્ટરની તમામ વિષયની આંતરીક કસોટીઓ જે તે કોલેજે પોતાની રીતે ઓનલાઈન / ઓફલાઈન પધ્ધતિથી લેવી.**

૧૬. (**<u>માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ</u>** )

યુનિવસિર્ટી ધારાની કલમ ૪૭–એ અન્વયે આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની બી.આર્કિટેકચર અને એમ.આર્કિટેકચરની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ ઓકટોબર/ નવેમ્બર–૨૦૨૨ માં લેવાનારી પરીક્ષા માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ તે મંજૂર કર્યાના મા.કુલપતિશ્રીના પગલાની જાણ થવા બાબત.

(પરીક્ષાવિભાગ/એ–બ્રાન્ચ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીએ લીધેલ ઉપરોકત પગલાની નોંધ લેવામાં આવે છે.**

૧૭. **સરકારી વાણિજય અને વિજ્ઞાન કોલેજનાં આસિ.પ્રોફેસર ડૉ.લીના મેહુલકુમાર દવેનું બોટની વિષયની અભ્યાસ સમિતિનાં સભ્યપદ માટે કોલેજનાં સહી સિકકા સાથે દરખાસ્ત મળેલ છે. પરંતુ આપણી યુનિવર્સિટીમાં અભ્યાસ સમિતિનાં સભ્ય બનવા માટેનાં ફોર્મ** (Elect-4) **માં નં.૮ પર** " Present College teaching experience in the final year of the Degree Class" **યુનિવર્સિટી સ્ટેટયૂટ–૧૨૧ મુજબ પાંચ વર્ષ હોવા જોઈએ. પરંતુ અત્રેની યુનિવર્સિટીમાં તેઓનાં પાંચ વર્ષ પૂર્ણ થતા નથી, દરખાસ્ત અનુસાર ડૉ.લીના દવેનો અત્રેની યુનિવર્સિટીનો ૪ વર્ષ અને ૩ મહિનાનો** Final Year of Degree Class**નો શૈક્ષણિક અનુભવ છે અને તેઓને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન સરકારી વિજ્ઞાન કોલેજ, વડનગરનો ૨ વર્ષ અને ૨ મહિનાનો** Final Year of Degree Class**નો શૈક્ષણિક અનુભવ છે, આથી ડૉ.લીના મેહુલકુમાર દવેને અગાઉની કોલેજનો અનુભવ ધ્યાને લઈ આપણી યુનિવર્સિટીમાં અભ્યાસ સમિતિનાં સભ્યપદે નિયૂકત કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.**

**Statute -121**

(3) Heads of the Departments in the Special subjects taught at the degree level in the affiliated colleges and recognised institutions under Section 26 (2) (ii) shall include:

**Note:** For the purpose of this Clause (3) only such persons who are senior most teachers in the subject on the staff of the College and are having a teaching experience of at least five years in the Degree Classes shall be designated as the Head of the Departments for the subject concerned in the affiliated colleges.

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન જે તે સંસ્થામાંથી યુનિવર્સિટીની જે તે વિષયની અભ્યાસ સમિતિમાં સભ્યપદ માટેજે તે સંસ્થાની કેમ્પસ સિનિયોરીટીને ધ્યાનમાં રાખી Statute -121 મુજબ અભ્યાસ સમિતિમાં નિમણૂંક મળવા પાત્ર છે. જે કિસ્સામાં જે તે સંસ્થાના કેમ્પસ સિનિયોરીટી ધરાવતા અધ્યાપકે ડિગ્રી લેવલે મુખ્ય/કમ્પલસરી વિષયમાં કુલ શૈક્ષણિક અનુભવ પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ કરેલ ન હોય તથા અત્રેની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થા અથવા અન્ય યુનિવર્સિટી સંલગ્ન માત્ર સરકારી અને અનુદાનિત સંસ્થામાંથી નવી નિમણૂક / બદલીને કારણે નિમણૂક પામેલા અધ્યાપકનો ડિગ્રી લેવલે મુખ્ય/કમ્પલસરી વિષયમાં કુલ શૈક્ષણિક અનુભવ પાંચ વર્ષથી વધુ થતો હોય તેવા અધ્યાપકને અભ્યાસ સમિતિમાં જયાં સુધી કેમ્પસ સિનિયોરીટી ધરાવતા અધ્યાપકના પાંચ વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિમણૂક મળવાપાત્ર રહેશે. જયારે કેમ્પસ સિનિયોરીટી ધરાવતા અધ્યાપકે ડિગ્રી લેવલે મુખ્ય/કમ્પલસરી વિષયમાં કુલ શૈક્ષણિક અનુભવ પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ કર્યેથી અભ્યાસ સમિતિમાં સભ્યપદ મેળવવા નિયમ અનુસાર અરજી કરવાની રહેશે.**

**ઉપરોકત ઠરાવ મંજૂરી અર્થે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૮. **સાયન્સ** ફેકલ્ટીનાં **ઝુઓલોજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા બી.કે.એમ.સાયન્સકોલેજ,વલસાડના આસિ. પ્રોફેસર **ડૉ.નવિનકુમાર ક્રિષ્નકુમાર ગુપ્તે** ને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(૧)પ્રો.એચ.એન.હીંગલાડ,પ્રોફેસર,ડિપાર્ટમેન્ટ ઓફ ઝુઓલોજી,ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ નો અહેવાલ હકારાત્મક છે.

(૨)ડૉ.રાહુલ કુંડુ,પ્રોફેસર એન્ડ હેડ,ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ નો અહેવાલ હકારાત્મક છે.

(૩)BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ અન્વયે માનનીય કુલપતિશ્રી એ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીનાં ઝુઓલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના આસિ. પ્રોફેસર ડૉ.નવિનકુમાર ક્રિષ્નકુમાર ગુપ્તેને બાહ્ય નિર્ણાયકોના હકારાત્મક અહેવાલ ધ્યાને લઈ પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૯. ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ , વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ના પત્ર ક્રમાંક : MBA/Scholarship-54/606/શિષ્યવૃતિ, તા.૦૮–૦૮–૨૦૨૨ થી એમ.બી.એ.(ફુલ ટાઈમ) (સ્વનિર્ભર) અને એમ.બી.એ. (ઈવનીંગ) પ્રોગ્રામની એકિઝકયુટીવ કમિટીની તા.૨૭–૦૭–૨૦૨૨ની મિટીંગની બાબત ક્રમાંક ૧૩ અન્વયે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આંશિક/પૂર્ણ નાણાંકીય સહાય આપી શકાય એ માટે રૂા. ૧૦.૦૦ લાખની મંજુરી વિભાગ દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી એનાયત કરવા BUT ની તા.૦૧–૦૯–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

**BUT ની તા.૦૧–૦૯–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨**

**આથી ઠરાવવામાં આવે છે કે, ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રક્રમાંકઃ MBA/ Scholarship-54/606/શિષ્યવૃતિ, તા.૦૮–૦૮–૨૦૨૨થી એમ.બી.એ.(ફુલટાઈમ)(સ્વનિર્ભર) અને એમ.બી.એ.(ઈવનીંગ) પ્રોગ્રામની એકિઝકયુટીવ કમિટીની તા.૨૭–૦૭–૨૦૨૨ની મિટીંગની બાબત ક્રમાંક ૧૩ અન્વયે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આંશિક/પૂર્ણ નાણાંકીય સહાય આપી શકાય એ માટે રૂા. ૧૦.૦૦ લાખની મંજુરી વિભાગ દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી એનાયત કરવા ઠરાવેલ છે, જે ભલામણ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, BUT ની તા.૦૧–૦૯–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨_અન્વયે કરેલ ભલામણ સ્વીકારી ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રક્રમાંકઃ MBA/ Scholarship-54/606/શિષ્યવૃતિ, તા.૦૮–૦૮–૨૦૨૨થી એમ.બી.એ.(ફુલટાઈમ)(સ્વનિર્ભર) અને એમ.બી.એ.(ઈવનીંગ) પ્રોગ્રામની એકિઝકયુટીવ કમિટીની તા.૨૭–૦૭–૨૦૨૨ની મિટીંગની બાબત ક્રમાંક ૧૩ અન્વયે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આંશિક/પૂર્ણ નાણાંકીય સહાય આપી શકાય એ માટે રૂા. ૧૦.૦૦ લાખની મંજુરી વિભાગ દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી એનાયત કરવા મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૦. કેટલાક વિદ્યાર્થીઓ ના પરિણામો કોઈ કારણોસર મોડા જાહેર થયેલા હોય , કેટલાક વિદ્યાર્થીઓ પુનઃમૂલ્યાંકન માં નાપાસ માંથી પાસ થયા હોય અથવા માર્કસ માં સુધારો થવાને કારણે સી.જી.પી.એ માં સુધારો થયો હોય , કેટલાક વિદ્યાર્થીઓના પરિણામોમાં આગળના સેમેસ્ટરની રીમાર્કસ ખેંચવામાં શરતચુક થઈ હોય અથવા અન્ય પ્રોસિઝરિયલ લેપ્સ ને કારણે (DUE TO / FOR REASONS BEYOND STUDENTS CONTROL) પરિણામ અન્ય વિદ્યાર્થીઓ કરતાં મોડાં જાહેર થયાં હોય અથવા સુધર્યાં હોય આવા વિદ્યાર્થીઓ યોગ્ય સમયે પ્રવેશ ફોર્મ ન ભરી શકવાના કારણે તેમના વાસ્તવિક મેરીટ અનુસાર મળવાપાત્ર જગ્યાએ પ્રવેશ મેળવી શકતા નથી ("પ્રવેશ મળતો નથી" અથવા "જોઈતી કોલેજમાં પ્રવેશ મળતો નથી" અથવા "લોવર ફી ને બદલે હાયર ફીમાં પ્રવેશ મળે છે" અથવા "જોઈતા સ્પેસિલાઇઝેશનમાં પ્રવેશ મળતો નથી") આ સંજોગોમાં આવા વિદ્યાર્થીઓને તેઓના વાસ્તવિક મેરીટ અનુસાર જે જગ્યાએ પ્રવેશ મળવા પાત્ર હોય તે જગ્યાએ પ્રવેશની નિયત ઇન્ટેક મુજબ પ્રવેશની બેઠકો ભરાઈ ગયેલ હોય તો વધારાની બેઠક પર પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત......

**કાર્યાલયનો અભિપ્રાય:**

જે વિદ્યાર્થીઓ ના પરિણામો કોઈ કારણોસર મોડા જાહેર થયેલા હોય, પુનઃમૂલ્યાંકન માં નાપાસ માંથી પાસ થયા હોય અથવા માર્કસ માં સુધારો થવાને કારણે સી.જી.પી.એ.માં સુધારો થયો હોય, પરિણામોમાં આગળના સેમેસ્ટરની રીમાર્કસ ખેંચવામાં શરતચુક થઈ હોય અથવા અન્ય પ્રોસિઝરિયલ લેપ્સ ને કારણે ( DUE TO / FOR REASONS BEYOND STUDENT'S CONTROL) પરિણામ અન્ય વિદ્યાર્થીઓ કરતાં મોડાં જાહેર થયાં હોય અથવા અગાઉ જાહેર

થયેલ પરિણામ સુધર્યાં હોય આવા વિદ્યાર્થીઓ પાસેથી તેઓ કઈ જગ્યાએ પ્રવેશ મેળવવા માંગે છે તેની પસંદગીના ક્રમાનુસાર ની ચોઈસ સહિતની અરજીઓ મેળવી તેઓના મોડા જાહેર થયેલા કે સુધરેલા પરિણામ અંગે પરીક્ષા નિયામકશ્રી પાસેથી હકીકતલક્ષી અહેવાલ મેળવી વિદ્યાર્થીની રજુઆત બાબતે સત્યતા જણાય તો વિદ્યાર્થી એ અરજીમાં દર્શાવેલ ચોઈસ પૈકી વાસ્તવિક મેરીટ અનુસાર જે જગ્યાએ પ્રવેશ મળવા પાત્ર હોય તે જગ્યાએ સુપર ન્યુમરી બેઠક તરીકે પ્રવેશ ફાળવવો જોઈએ.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવતી પ્રવેશ કાર્યવાહી સંદર્ભે ઉપરોકત મુજબનો કાર્યાલયનો અભિપ્રાય સ્વીકારી તદ્અનુસાર કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૧. જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં માસ્ટર ડીગ્રી કોર્સમાં પ્રવેશ પુનઃ શરૂ કરવા અંગે બી.યુ.ટી.ની તા.૦૧–૦૯–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬) થી નીચે મુજબ ઠરાવેલ હોય, તે અન્વયે સદરહું વિભાગ તરફથી આવક–ખર્ચ સહિતની બજેટની દરખાસ્ત તૈયાર કરેલ હોય, જે આ સાથે સામેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

**<u>બી.યુ.ટી.ની તા.૦૧–૦૯–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં માસ્ટર ડીગ્રી કોર્સમાં પ્રવેશ પુનઃ શરૂ કરવા સંદર્ભે કો–ઓર્ડિનેટરશ્રીને સ્વનિર્ભર ધોરણે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ મળે તે રીતે આવક–ખર્ચ સહિતની બજેટ દરખાસ્ત તૈયાર કરવા જણાવવું અને દરખાસ્ત મળ્યેથી બાબત આગામી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કોર્સને અનુદાનિત કોર્સ તરીકે માન્યતા આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત પાઠવવી અને હાલ જયાં સુધી સરકારશ્રી દ્વારા અનુદાનિત કોર્સ તરીકે માન્યતા ન મળે ત્યાં સુધી સ્વનિર્ભર ધોરણે વિઝીટીંગ ફેકલ્ટીથી ચલાવવો.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં માસ્ટર ડીગ્રી કોર્સમાં સ્વનિર્ભર ધોરણે પ્રવેશ પુનઃ શરૂ કરવા સંદર્ભે કો–ઓર્ડિનેટરશ્રીએ તૈયાર કરેલ આવક–ખર્ચ સહિતની બજેટ દરખાસ્ત સ્વીકારી પ્રવર્તમાન પ્રવેશ માટેની નિર્ધારીત લાયકાત મુજબ પુનઃ પ્રવેશ કાર્ય શરૂ કરી મુલાકાતી અધ્યાપકોની વ્યવસ્થા કરી અભ્યાસક્રમ ચલાવવા મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૨. **યુનિવર્સિટી પરીસર ખાતેના કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રીના તા.૧૦–૦૮–૨૦૨૨ના પત્રાંકઃ કોમર્સ/ કોર્ષ/ ૫૫૯/ ૨૦૨૨થી વિભાગમાં TECHNICAL ANALYSISનો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા પરવાનગી આપવા કરેલ વિનંતી અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૦૮–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧) થી નીચે મુજબ ઠરાવ્યાનુસાર કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી દ્વારા તેમના તા.૨૬–૦૮–૨૦૨૨ના પત્રાંકઃ કોમર્સ/ કોર્ષ/ ૬૧૬૩/ ૨૦૨૨થી TECHNICAL ANALYSISનો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા અંગેની SOP અનુસાર દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્ત મુજબ કોમર્સ વિભાગમાં TECHNICAL ANALYSISનો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા વિચારણા કરવા બાબત.**

**<u>એકેડેમિક કાઉન્સિલની સભા તા.૨૨–૦૮–૨૦૨૨ ઠરાવ ક્રમાંકઃ (૨૧)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીસર ખાતેના કોમર્સ વિભાગમાં **TECHNICAL ANALYSIS**નો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા વિભાગને **SOP** અનુસાર અરજી કરવા જણાવવું.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીસર ખાતેના કોમર્સ વિભાગમાં TECHNICAL ANALYSIS નો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા મલ્ટી ડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ ધ્વારા SOP નું પરીપાલન કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.**

૨૩. એકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક (કાઉન્સિલ તારીખ ૨૨/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક ૨ થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર પુનઃ વિચારણા કરવા બાબત.

વી.ન.દ.ગુ.યુ. સાથે જોડાણ (એફિલિએટેડ) સ્વનિર્ભર કોલેજમાં નોકરી કરતા અને પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મળ્યા બાદ પી.એચ.ડી ના વિદ્યાર્થીઓને ગાઈડ કર્યા બાદ આવા અધ્યાપકોને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજમાં (જે કોલેજ કાયમી જોડાણ ધરાવતી હોય છે) નોકરી ની તક મળતાં એ અધ્યાપક સહાયક તરીકે જોડાય તો આવા અધ્યાપકોને તેઓ ની અધ્યાપક સહાયક તરીકે ની નોકરી ના સમયગાળા દરમિયાન પણ પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ ફાળવવા તેમજ અગાઉ અન્ય યુનિવર્સિટી માં નોકરી કરતા હોય અને ત્યાં પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોય તેવા તથા અગાઉ પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ન ધરાવતા હોય તેવા અધ્યાપક સહાયક તરીકે આપણી યુનિવર્સીટીમાં જોડાય તો આવા અધ્યાપકોને ઓર્ડિનન્સ ૧૦૮ અનુસાર નિયમાનુસારની કાર્યવાહી કરી પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા તથા પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મળ્યેથી અધ્યાપક સહાયક તરીકે ની નોકરી ના સમયગાળા દરમ્યાન પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ ફાળવવા અંગેની બાબતે એકેડેમિક કાઉન્સિલ તારીખ ૨૨/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક ૨ થી સિન્ડિકેટને કરેલ ભલામણ પર પુનઃ વિચારણા કરવા બાબત..............

એકેડેમિક કાઉન્સિલ તારીખ ૨૨/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક ૨ નો સંબન્ધિત પાઠ (જેના પર પુનઃ વિચારણા કરવાની થાય છે.)

:: **વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં કાર્યરત પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર યુનિવર્સિટી સંલગ્ન અન્ય અનુદાનિત કે સરકારી કોલેજમાં અધ્યાપક સહાયક તરીકે જોડાય તે કિસ્સામાં જે તે શિક્ષકની પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવી પરંતુ નવા વિદ્યાર્થીની ફાળવણી અધ્યાપક સહાયક તરીકે કાર્યકાળ પૂર્ણ કરી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવ્યા બાદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજના યુનિવર્સિટી માન્યતા ધરાવતા અધ્યાપક જેમણે પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટે અરજી કરેલ હોય તથા બાહય નિર્ણાયકોનાં અહેવાલ આવેલ ન હોય તે સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન અન્ય અનુદાનિત કે સરકારી કોલેજમાં અધ્યાપક સહાયક તરીકે જોડાય ત્યારબાદ અગાઉ કરેલ અરજીનાં સંદર્ભમાં બાહય નિર્ણાયકોનાં અહેવાલ હકારાત્મક આવે તો આવા કિસ્સામાં જે તે અધ્યાપકને પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવી પરંતુ વિદ્યાર્થીની ફાળવણી અધ્યાપક સહાયક તરીકે કાર્યકાળ પૂર્ણ કરી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂંક મેળવ્યેથી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**કાર્યાલય નો અભિપ્રાય:**

૧. "University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.PHIL./PH.D Degrees) Regulations, 2016 " અનુસાર: " any regular Associate/Assistant Professor of the university/institution deemed to be a university/college with a Ph.D. degree and at least two research publications in refereed journals may be recognized as Research Supervisor"

૨. વી.ન.દ.ગુ.યુ ના ઓર્ડિનન્સ ૧૦૮ અનુસાર: "A full time, regular Assistant Professor, confirmed in his / her position / service, in a university department/ an affiliated college/ an affiliated recognized institution, with at least two research publications in a refereed journal, shall be eligible for applying to become a research supervisor for the degree of Ph.D and he/she shall be recognized as a research supervisor for the degree of Ph.D. only after the submission of his/ her research publications to two external referees from outside Veer Narmad South Gujarat University, and their affirmative reports on the said research publications."

૩. જે કોલેજ કાયમી જોડાણ ધરાવતી નથી તેવી સ્વનિર્ભર કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કરતા અધ્યાપકો કે જેમની કોલેજ પોતે જ કાયમી જોડાણ ધરાવતી નથી (એટલે કે કોલેજ જ કાયમી નથી, દર વર્ષે જોડાણ અરજી કરી ને મંજૂરી મેળવવાની હોય છે) તેવા આસિસ્ટન્ટ પ્રોફેસરો ને પણ પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવે છે અને માન્યતા મળ્યા બાદ તેમને પી.એચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવવામાં આવે છે, તેઓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપતા હોય છે અને આવા અધ્યાપકોને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજના (જે કોલેજ કાયમી જોડાણ ધરાવતી હોય છે) નોકરી ની તક મળતાં એ અધ્યાપક સહાયક તરીકે જોડાય ત્યારે માત્ર હોદ્દા નું નામાભિધાન બદલવા થી શૈક્ષણિક લાયકાત કે બીજી સજ્જતા ઓછી થઈ જતી નથી. (સ્વનિર્ભર કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કરતા અધ્યાપકો ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં અધ્યાપક સહાયક તરીકે જોડાય છે, અધ્યાપક સહાયક તરીકે કામ કરતા અધ્યાપકો સ્વનિર્ભર કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાતા નથી.)

૪. યુ.જી.સી. ના રેગ્યુલેશન્સ અનુસાર આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત એજ અધ્યાપક સહાયક માટેની લાયકાત છે, ફર્ક માત્ર ને માત્ર સરકારની કરકસર ની નીતિ ના ભાગરૂપે જુદું નામાભિધાન રાખીને ઓછો અને ફિક્સ પગાર મળે એજ હોય છે બાકી આસિસ્ટન્ટ પ્રોફેસર ને લાગુ પડતી તમામ શૈક્ષણિક લાયકાત તથા સજ્જતા અધ્યાપક સહાયક ધરાવતા જ હોય છે. વળી જેઓને અગાઉ પી.એચ.ડીના વિદ્યાર્થીઓ ફાળવવામાં આવતા જ હોય તે અધ્યાપક સહાયક તરીકે જોડાતાં અચાનક પોતાની સજ્જતા કે લાયકાત ગુમાવતા નથી.

૫. દેશના વિકાસ અને પ્રગતિ માટે તેમજ શિક્ષણ અને સંશોધન ના ક્ષેત્રે યુનિવર્સીટીને આગળ વધારવા માટે અમૂલ્ય માનવ સંસાધનો નો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ માટે પી.એચ.ડી માર્ગદર્શક શિક્ષક તરીકેની શૈક્ષણિક લાયકાત તેમજ સજ્જતા ધરાવતા અમૂલ્ય માનવ સંસાધનને ૫ વર્ષ સુંધી પી.એચ.ડી સંશોધન ના માર્ગદર્શન ની અગત્યની કામગીરીમાંથી અલિપ્ત ન રાખવું જોઈએ.

૬ . પી.એચ.ડી માર્ગદર્શક શિક્ષક તરીકેની શૈક્ષણિક લાયકાત તેમજ સજ્જતા ધરાવતા અમૂલ્ય માનવ સંસાધનને ૫ વર્ષ સુંધી પી.એચ.ડી સંશોધન ના માર્ગદર્શન ની અગત્યની કામગીરી માંથી અલિપ્ત રાખવાથી એક અધ્યાપક પર ઓછા માં ઓછી ૪ ની સંખ્યામાં પી.એચ.ડી ની સીટો ઘટી જશે અને યુનિવર્સીટી એટલા ઓછા વિદ્યાર્થીઓ ને પી.એચ.ડી કરવાની તક પૂરી પાડી શકશે.

૭ . વી.ન.દ.ગુ.યુ. સાથે જોડાણ (એફિલિએટેડ) સ્વનિર્ભર કોલેજમાં નોકરી કરતા અને પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મળ્યા બાદ પી.એચ.ડી ના વિદ્યાર્થીઓને ગાઈડ કર્યા બાદ આવા અધ્યાપકોને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજમાં (જે કોલેજ કાયમી જોડાણ ધરાવતી હોય છે) નોકરી ની તક મળતાં એ અધ્યાપક સહાયક તરીકે જોડાય તો આવા અધ્યાપકોને તેઓ ની અધ્યાપક સહાયક તરીકે ની નોકરી ના સમયગાળા દરમિયાન પણ પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ ફાળવવા જ જોઈએ.

૮ . અગાઉ અન્ય યુનિવર્સિટી માં નોકરી કરતા હોય અને ત્યાં પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા હોય તેવા તથા અગાઉ પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ન ધરાવતા હોય તેવા અધ્યાપક સહાયક તરીકે આપણી યુનિવર્સીટીમાં જોડાય તો આવા અધ્યાપકોને ઓર્ડિનન્સ ૧૦૮ અનુસાર નિયમાનુસારની કાર્યવાહી કરી પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી જોઈએ તથા પી.એચ.ડી ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મળ્યેથી અધ્યાપક સહાયક તરીકે ની નોકરી ના સમયગાળા દરમ્યાન પણ પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ ફાળવવા જ જોઈએ.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૨૨/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ૨ યથાવત રાખવો.**

૨૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન યુનિવર્સિટી પરિસરમાં તથા સંલગ્ન તમામ કોલેજોની પરીક્ષાઓ હવેથી ઓફલાઈન રીતે આયોજન કરવા અંગેના સિન્ડિકેટ સભ્યશ્રીઓના તા.૩૦–૦૮–૨૦૨૨ના પત્ર પર વિચારણા કરતા સિન્ડિકેટની તા.૩૦/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૯ થી નીચે મુજબ ઠરાવેલ છે જેની નોંધ લેવા બાબત.

**<u>સિન્ડિકેટની તા.૩૦/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૯</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન યુનિવર્સિટી પરિસરમાં તથા સંલગ્ન તમામ કોલેજોની પરીક્ષાઓ હવેથી ઓફલાઈન રીતે આયોજન કરવા અંગેના સિન્ડિકેટ સભ્યશ્રીઓના તા.૩૦–૦૮–૨૦૨૨ના પત્ર સંદર્ભે તમામ ફેકલ્ટીની સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ યોજાનારી પરીક્ષાઓ જે એમ.સી.કયુ. મોડથી ઓનલાઈન પધ્ધતિથી લેવાની થાય છે તેવી તમામ પરીક્ષાઓ એમ.સી.કયુ. મોડથી ઓફલાઈન પધ્ધતિથી લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અંગે કરવાની થતી તમામ વ્યવસ્થાઓ તથા આન્સરબુક અને પ્રશ્નપત્રો સહીતની તમામ અન્ય બાબતો અંગે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**(પરીક્ષા વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૩૦/૦૮/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૯ નો સ્વીકાર કરી અગાઉના ઠરાવથી નકકી થયા મુજબ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીની સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ યોજાનારી પરીક્ષાઓ જે એમ.સી.કયુ.મોડથી ઓનલાઈન પધ્ધતિથી લેવાની થતી હતી તેવી તમામ પરીક્ષાઓ એમ.સી.કયુ. મોડથી ઓફલાઈન પધ્ધતિથી લેવી.**

**વધુમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન વાણિજય અને વિનયન વિદ્યાશાખાની સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ યોજાનારી તમામ સેમેસ્ટરની તમામ પરીક્ષાઓ એમ.સી.કયુ. મોડથી ઓફલાઈન OMR પધ્ધતિથી લેવી. પ્રત્યેક પ્રશ્નપત્ર માટે પરીક્ષાની અવધિ ૧ કલાક (૬૦ મિનિટ) ની રહેશે, તથા ૫૦ પ્રશ્નો પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણનો એવા કુલ ૫૦ ગુણની પરીક્ષા લેવી.**

**વધુમાં યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંકઃપરીક્ષા/એ/૧૯૪૮૦/૨૦૨૧, તા.૧૬–૧૦–૨૦૨૧, અને ક્રમાંકઃપરીક્ષા/એ/૭૯૭૬/૨૦૨૧, તા.૨૪–૦૫–૨૦૨૧ મુજબ સેમેસ્ટર–૧ થી ૪ ની પરીક્ષાનાં પ્રશ્નપત્ર (ગાણિતિક સહિત) મુજબ માળખુ રાખવું અને તે માટે૧૦૦ માર્કસના પ્રશ્નો નિયત થયેલ યુનિટનાં ભારાંક મુજબ નિમણૂક પામેલા પ્રાશ્નિકો પાસેથી મંગાવવા. { ઉદા. એક માર્કસના ૧૦૦ પ્રશ્નો (એટલે કે ૧૦૦ ગુણ) તથા ગાણિતિક વિષયના પ્રશ્નપત્રમાં બે માર્કસના ૧૭×૨ = ૩૪ પ્રશ્નો અને એક માર્કસના ૧૬×૨ = ૩૨ પ્રશ્નો એટલે કે કુલ ૩૪+૩૨ = ૬૬ પ્રશ્નો [ એટલે કે (૩૪×૨)+(૩૨×૧) = ૬૮+ ૩૨= ૧૦૦ ગુણ]}**

**વધુમાં એકેડેમિક કાઉન્સિલ તા.૨૯/૦૭/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાકઃ૧૪ મુજબ HRD વિભાગમા ચાલતા વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમો,ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ, તેમજ પી.જી. ડિપ્લોમાં અભ્યાસક્રમો,B.L.I.Sc અને M.L.I.Sc., અને વડાશ્રી/ કોઓર્ડિનેટરશ્રી ની વિનંતી સંદર્ભે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન,બી.એ.માસ કોમ્યુનિકેશન, એમ.એ.માસ કોમ્યુનિકેશન અને પી.જી.ડિપ્લોમાં ઈન જર્નાલીઝમ, તથા એમ.એ.તુલનાત્મક સાહિત્યની પરીક્ષાઓ ઓફલાઈન ( Descriptive) પધ્ધતિથી લેવી.**

૨૫. ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ ની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ બેચલર ઓફ ફિઝિયોથેરાપી** નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૩–૦૮–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૫) અને સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૯૯) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | **બેચલર ઓફ ફિઝિયોથેરાપી** | **નવું જોડાણ** | **તા.૧૫–૬–૨૦૨૨ થી તા.૧૪–૬–૨૦૨૩ (એક વર્ષ)** |

**<u>શરતો :</u>**

૧ કાયમી આચાર્ય ની યુનિવર્સીટી/UGC ના ધારાધોરણ મુજબ નિમણૂંક કરવી.

૨ ઉપરોકત કોર્સ માટે યુનિવર્સીટી તથા ફિઝિયોથેરાપી કાઉન્સિલના માન્ય ધારાધોરણ મુજબ અધ્યાપકોની નિમણૂંક કરવી.

૩ પ્રથમ વર્ષ માટે એનાટોમી, ફિઝિયોલોજી અને Exercise therapy લેબોરેટરીની વ્યવસ્થા કરવી.

૪ નિયમ અનુસાર બિડાણમાં શામેલ લિસ્ટ મુજબ પુસ્તકો અને સંદર્ભ ગ્રંથોની વ્યવસ્થા કરવી.

૫ યુનિવર્સિટીના નિયમ મુજબ મહેકમની નિમણૂંક કરવી.

૬ કોલેજ બિલ્ડીગ માં બોય્સ અને Girlsકોમન રૂમની વ્યવસ્થા કરવી.

૭ યુનિવર્સીટીના ઓર્ડિનન્સ ૬૬, ૬૯(A) અને ૬૯(B)નું પરિપાલન કરવું.

૮ યુજીસી,ફિઝિયોથેરાપી કાઉન્સિલ તથા યુનિવર્સિટી ના નિયમોનું પરિપાલન કરવું.

૯ યુનિવર્સિટી નિયમઅનુસાર ફાયરસેફટી ની વ્યવસ્થા કરવી તથા તે અંગેનું સક્ષમ અધિકારી પાસેથી સર્ટિફિકેટ મેળવવું.

૧૦ યુનિવર્સિટીના નિયમોઅનુસાર IQAC તથા વિવિધ સેલ ની રચના કરવી.

૧૧ યુનિવર્સિટી દ્વારા નિયુકત કાર્યપાલક ઈજનેરશ્રી પાસે INSPECTIONકરાવી તેમનો રિપોર્ટ યુનિવર્સીટીમાં જમા કરાવવાનો રહેશે.

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર બેચલર ઓફ ફિઝિયોથેરાપી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે **નવું જોડાણ** આપવા ભલામણ કરીએ છીએ.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ની અભ્યાસક્રમ બેચલર ઓફ ફિઝિયોથેરાપી નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ સ્વીકારી શરતોનું પરીપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે બેચલર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૬. ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી**નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૩–૦૮–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૫) અને સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૯૯) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | **બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી (Bacholor of Occupational Theraphy)** | **નવું જોડાણ** | **તા.૧૫–૬–૨૦૨૨ થી તા.૧૪–૬–૨૦૨૩ (એક વર્ષ)** |

**<u>શરતો :</u>**

૧ કાયમી આચાર્યની યુનિવર્સિટી / UGC ના ધારાધોરણ મુજબ નિમણૂંક કરવી.

૨ ઉપરોકત કોર્ષ માટે યુનિવર્સિટી તથા ફિઝિયોથેરાપી કાઉન્સિલના માન્ય ધારાધોરણ મુજબ અધ્યાપકોની નિમણૂંક કરવી.

૩ પ્રથમ વર્ષ માટે એનાટોમી, ફિઝિયોલોજી અને Exercise therapy લેબોરેટરીની વ્યવસ્થા કરવી.

૪ નિયમ અનુસાર બિડાણમાં સામેલ લિસ્ટ મુજબ પુસ્તકો અને સંદર્ભ ગ્રંથોની વ્યવસ્થા કરવી.

૫ યુનિવર્સિટીના નિયમ મુજબ મહેકમની નિમણૂંક કરવી.

૬ કોલેજ બિલ્ડિંગમાં બોય્સ અને Girls કોમન રૂમની વ્યવસ્થા કરવી.

૭ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૬, ૬૯ (A) અને ૬૯ (B) નું પરિપાલન કરવું.

૮ યુજીસી, ફિઝિયોથેરાપી કાઉન્સિલ તથા યુનિવર્સિટીના નિયમોનું પરિપાલન કરવું.

૯ યુનિવર્સિટીના નિયમઅનુસાર ફાયર સેફટીની વ્યવસ્થા કરવી તથા તે અંગે નું સક્ષમ અધિકારીપાસેથી સર્ટિફિકેટ મેળવવું.

૧૦ યુનિવર્સિટીના નિયમઅનુસાર IQAC તથા વિવિધ સેલની રચના કરવી.

૧૧ યુનિવર્સિટી દ્વારા નિયુકત કાર્યપાલક ઈજનેરશ્રી પાસે inspection કરાવી તેમનો રિપોર્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવો.

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર **બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી** પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે **નવું જોડાણ** આપવા ભલામણ કરીએ છીએ.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ની અભ્યાસક્રમ બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપીનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ સ્વીકારી શરતોનું પરીપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૭. ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ ની નીચે દર્શાવેલ વિગતે **અભ્યાસક્રમ બેચલર ઓફ સાયન્સ મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિન ટેકનોલોજી** નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૩–૦૮–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક: (૨૫) અને સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૯૯) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બેચલર ઓફ સાયન્સ મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિન ટેકનોલોજી<br>(Bachelor of Science Medical Radiology and Imaging Technology) | **નવું જોડાણ** | **તા.૧૫–૬–૨૦૨૨ થી તા.૧૪–૬–૨૦૨૩ (એક વર્ષ)** |

**<u>શરતો :</u>**

૧. કાયમી આચાર્ય ની યુનિવર્સિટી / UGC ના ધારાધોરણ મુજબ નિમણૂંક કરવી.
૨. ઉપરોકત કોર્સ માટે યુનિવર્સિટી તથા ફિઝીયોથેરાપી કાઉન્સીલના માન્ય ધારાધોરણો મુજબ અધ્યાપકોની નિમણૂંક કરવી.
૩. પ્રથમ વર્ષ માટે એનાટોમી, ફિઝીયોલોજી અને Exercise therapy લેબોરેટરીની વ્યવસ્થા કરવી.
૪. નિયમ અનુસાર બિડાણમાં સામેલ લિસ્ટ મુજબ પુસ્તકો અને સંદર્ભ ગ્રંથોની વ્યવસ્થા કરવી.
૫. યુનિવર્સિટીના નિયમ મુજબ મહેકમની નિમણૂંક કરવી.
૬. કોલેજ બિલ્ડીગમાં બોયઝ અને Girls કોમન રૂમની વ્યવસ્થા કરવી.
૭. યુનિવર્સીટીના ઓર્ડિનન્સ ૬૬, ૬૯(A) અને ૬૯(B)નું પરિપાલન કરવું.
૮. યુજીસી, ફિઝીયોથેરાપી કાઉન્સીલ તથા યુનિવર્સિટીના નિયમોનું પરિપાલન કરવું.
૯. યુનિવર્સિટી નિયમઅનુસાર ફાયરસેફટીની વ્યવસ્થા કરવી તથા તે અંગેનું સમક્ષ અધિકારી પાસેથી સર્ટિફિકેટ મેળવવું.
૧૦. યુનિવર્સિટીના નિયમોઅનુસાર IQAC તથા વિવિધ સેલની રચના કરવી.
૧૧. યુનિવર્સિટી દ્વારા નિયુકત કાર્યપાલક ઈજનેરશ્રી પાસે Inspection કરાવી તેમનો રિપોર્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.
૧૨. B.sc ( in Medical Rediography end Imaging Technology ) નવો અભ્યાસક્રમ છે જે અન્ય કેટલીક યુનિવર્સિટીઓમાં આપવામાં આવે છે.જેનો સમયગાળો ચાર વર્ષ માટે છે.આ પ્રોગ્રામની UGC ના nomenclature મુજબ Syllabus તૈયાર કરાવી.મંજૂરી સમક્ષ ફેકલ્ટીમાં થી લેવાની રહેશે.

**ભલામણ :**

**અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર અભ્યાસક્રમ બેચલર ઓફ સાયન્સ મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિન ટેકનોલોજી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે નવું જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેકટર ઓફ મેડિકલ એન્ડ હેલ્થ સર્વિસીસ, શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ, સયાલી રોડ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ સંચાલિત શ્રી વિનોબા ભાવે ઈસ્ટિટયુટ ઓફ એલાઈડ હેલ્થ સાયન્સીસ, નમો મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સિલવાસા, દાદરા એન્ડ નગર હવેલી– ૩૯૬૨૩૦ની અભ્યાસક્રમ બેચલર ઓફ સાયન્સ મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિન ટેકનોલોજીનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ સ્વીકારી શરતોનું પરીપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે બેચલર ઓફ સાયન્સ મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિન ટેકનોલોજી અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**અઘ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત**

૨૮. અગાઉ કાનૂન વિદ્યાશાખાના LL.M નાં નિયમ મુજબ વિદ્યાર્થી એક વિષયમાં નાપાસ હોય તો તેને પણ બધા જ વિષયોની પરીક્ષા આપવાની થતી હતી. પરંતુ કાનૂન વિદ્યાશાખા અન્વયેની ત્રણેય અભ્યાસ સમિતિઓની સંયુકત તા.૦૪/૦૨/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે કરેલ ભલામણ અંગેની નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. હવે LL.M. માં વિદ્યાર્થી જે તે વિષયમાં નાપાસ હોય તે જ વિષયોમાં પરીક્ષા આપવી.જેથી નાપાસ વિદ્યાર્થીએ બધા વિષયોની પરીક્ષા આપવાની રહેશે નહિ. આ સાથે સામેલ કાનૂન વિદ્યાશાખાના LL.M. માં LL.B.ના નિયમો લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત...

(પરીક્ષા વિભાગ/કાનુન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂન વિદ્યાશાખાના LL.M. માં LL.B.ના નિયમો લાગુ પાડવા.**

૨૯. યુનિવર્સિટી કાર્યાલયને તા.૦૨/૦૯/૨૦૨૨નાં રોજ વિદ્યાર્થી સંગઠનના મળેલ પત્રથી સપ્ટેમ્બર/ઓકટોબર–૨૦૨૨માં લેવાનાર એલએલ.બી.નાં તમામ સેમેસ્ટરની પરીક્ષા ઓફલાઈન લેખિત પધ્ધતિ મુજબ લેવાનાર છે જે સંદર્ભે નીચે જણાવેલ બે મુદ્દા મુજબ પરીક્ષા લેવા જણાવેલ છે.

મુદ્દા નં–૧). એલએલ.બીનાં તમામ સેમેસ્ટરની પરીક્ષા ઓફલાઈન લેખિત પધ્ધતિ મુજબ લેવાય તો તેમા માર્કસ મુજબ શબ્દોની મર્યાદા નકકી કરવામાં આવે (દા.ત–૧૫ ગુણનાં પ્રશ્નમાં ૨૫૦ શબ્દોની મર્યાદા) નકકી કરવામાં આવે.

મુદ્દા નં–૨). ઓફલાઈન પરીક્ષા MCQ પધ્ધતિ મુજબ લેવાય .
ઉપરોકત બાબતે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/કાનુન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત વિનંતી ગ્રાહય રાખવી નહી.**

ક્રમાંક : એસ./એ.કા./કા.વા./૧૯૧૯/૨૦૨૨
તા.૦૩/૦૯/૨૦૨૨

Sd/-
ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,
એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....